# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/0૧૨ Dt. 25/09/2024

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જી એન્ડ જી.વી. કડીવાલા એન્ડ એમ.વી. બુનકી સાર્વજનિક હાઈસ્કૂલમાં ટ્રાફિક અવેરનેસ સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવારે, તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જી એન્ડ જી.વી. કડીવાલા એન્ડ એમ.વી. બુનકી સાર્વજનિક હાઈસ્કૂલ, સગરામપુરા ખાતે પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ ટ્રાફિક અવેરનેસ સેમિનાર યોજાયો હતો. જેમાં શાળાના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો, સિગ્નલ અને જરૂરી સાવચેતી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન સુશ્રી કામિનીબેન ડુમસવાલાએ પ્રાથમિક સ્કૂલના વિદ્યાર્થીઓને ઘરની બહાર નીકળતાં ટ્રાફિકના નિયમોનું પાલન કરી અકસ્માતથી કેવી રીતે બચી શકાય તે અંગે માહિતી આપી હતી. સાથે જ વિદ્યાર્થીઓને રોંગ સાઈડ વાહન ચલાવવાથી અને ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવાથી થતાં ગંભીર અકસ્માતો અને તેનાથી બચવા માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ માર્ગ સલામતી

માટેના ટ્રાફિક વિભાગ અને સરકારના પ્રયાસો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત, સેમિનારમાં વિદ્યાર્થીઓને રસ્તા પર પગપાળા ચાલવાની અને વાહન ચલાવવાની સાઈડ વિશે તથા લેન ડ્રાઈવિંગ અંગેની સમજૂતી આપવામાં આવી હતી.

સેમિનારમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ડાયરેક્ટર શ્રી ભરત દેસાઈ, હાઈસ્કુલના આચાર્ય શ્રીમતી મેધાબેન ઠાકર, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.